CONSUMER VOICE

# Big Tobacco Tiny Targets Media Annexure-Gujarat

આજકાલ

## વાલીઓ ચેતી જજો: દરરોજ ૫૫૦૦ બાળકો ધૂમ્રપાનની લતે ચડી રહ્યા છે

### ૩૭ ટકા બાળકો ૧૦ વર્ષની ઉંમર પહેલાથી ધૂમ્રપાન કરતા થયા, ૧૪.૬ ટકા તમાકુ ખાય છે: સૌરાષ્ટ્રમાં કેન્સરના દર્દીઓની સંખ્યામાં અચાનક ઉછાળો, ચિંતાજનક પરિસ્થિતિ

આજકાલ કાર્યાલય

રાજકોટ

Rajkot Edition

2021-07-28 Page No. 6

Powered by : erelego.com

"તમાકુ મુક્ત ભારત" અભિયાન સંદર્ભે રાજકોટમાં રાજ્યકક્ષાનો સેમિનાર

## 'બંધાણે' બાંધી દીધા... ગુજરાતમાં તમાકુનો વપરાશ ૩૭ ટકા, પુખ્તવયના પણ ૨૫.૧ ટકા 'વ્યસન'ની સાંકળમાં !

### ભારતમાં ૧૦માંથી ૧ વ્યક્તિના મોત પાછળ તમાકુ ઉત્પાદન જવાબદાર : વ્યસન વધે એમ 'વિકાસ' ઘટે...

# સીગારેટના રવાડે ચડાવી દેશના યુવાધનને પાયમાલ કરવામાં વિદેશી કંપનીઓનો હાથ : હેમંત ઉપાધ્યાય

સરકારના 'તમાકુ મુક્ત ભારત' અભિયાનને વેગ આપવા રાજકોટમાં ગ્રાહક સુરક્ષા મંડળના સહયોગથી યોજાયો સેમીનાર

[illegible]

## રાજકોટ કલેકટર કચેરીમાં હજુ બે નાયબ કલેકટરની જગ્યા ખાલી DSOનો ચાર્જ સીટી પ્રાંત-3ને સોંપાયો

રાજકોટ કલેકટર તંત્રમાં હજુ બે ડે.કલેકટરની જગ્યા ખાલી: નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી તથા જીલ્લા પુરવઠા અધિકારીની જગ્યા તાકીદે ભરવા માંગણી: દરમિયાન DSO શ્રી પૂજા બાવડાની બદલી થતા તેમની ખાલી પડેલ જગ્યાનો ચાર્જ સીટી પ્રાંત-3 સિદ્ધાર્થ દેસાઇને સોંપાયો: કાલે ખાસ મીટીંગ

# વાલીઓ ચેતી જજોઃ દરરોજ ૫૫૦૦ બાળકો ધૂમ્રપાનની લતે ચડી રહ્યા છે

૩૭ ટકા બાળકો ૧૦ વર્ષની ઉંમર પહેલાથી ધૂમ્રપાન કરતા થયા, ૧૪.૬ ટકા તમાકુ ખાય છેઃ સૌરાષ્ટ્રમાં કેન્સરના દર્દીઓની સંખ્યામાં અચાનક ઉછાળો, ચિંતાજનક પરિસ્થિતિ

આજકાલ કાર્યાલય

રાજકોટ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તમાકુ મુક્ત ભારત અભિયાન સફળ બનાવવા દેશભરમાં સેમિનારો, ચર્ચા-સભાઓ યોજવા કરેલ આદેશના અનુસંધાનમાં રમાબેન માવાણી (માજી સાંસદ) દ્વારા રાજ્યકક્ષાના સેમિનારનું આયોજન રાજકોટમાં કરવામાં આવેલ હતું. સરકારના પ્રતિનિધિ તરીકે હેમંતભાઈ ઉપાધ્યાય મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહી માર્ગદર્શન આપેલ હતું. આ પ્રકારના સેમિનાર યોજવા બદલ સરકાર વતી ઉપાધ્યાયએ માવાણી દંપતીને બિરદાવી અભિનંદન આપેલ હતા. દિલ્હીની માતબર આંતરરાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા સંસ્થા વોલેન્ટરી કન્ઝ્યુમર ઓર્ગેનાઈઝેશન ઈન ધ ઈન્ટરેસ્ટ ઓફ કન્ઝ્યુમર એજ્યુકેશન (વોઈસ) દ્વારા સેમિનારને માર્ગદર્શન મળેલ હતું. સેમિનારમાં રાજ્યભરના ૫૦થી વધુ સામાજિક, શૈક્ષણિક અને સેવાકીય સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર દેશમાં ઈ-સીગરેટ વેચવા, ઉત્પાદન કરવા અને ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મુકેલ હોવા છતાં આખા દેશમાં ઈ-કોમર્સ અને દુકાનો ઉપર ઈ-સીગરેટ ઉપલબ્ધ છે. દેશભરના કોટપા એક્ટની કલમ-૬ મુજબ શૈક્ષણિક સંસ્થાઓના ૧૦૦ વારના ત્રિજ્યા વિસ્તારમાં તમાકુ વેચાણ પ્રતિબંધિત હોવા છતાં રાજકોટ સહિત શૈક્ષણિક સંસ્થાઓની નજીક તમાકુ વેચાણ ચાલુ છે. ગુજરાતમાં સ્ત્રી-પુરુષોમાં તમાકુનો અંદાજિત વપરાશ ૩૯.૦ ટકા છે. ગુજરાતની પુખ્તવયની ૨૫.૧ ટકા જનતા તમાકુનો વપરાશ, ભારતમાં ૨૬.૭ કરોડ જનતા તમાકુ ઉપર વપરાશ કરતા છે જેમાંથી દર વર્ષે તમાકુ સેવનને કારણે ૧૦ લાખ લોકો મૃત્યુ પામે છે. ભારતમાં ૧૦માંથી ૧ વ્યક્તિ તમાકુ ઉત્પાદનને કારણે મૃત્યુ પામે છે. દેશમાં ૧૩થી ૧૫ વર્ષની વયના વિદ્યાર્થીઓ ૧૪.૬ ટકા તમાકુ ઉત્પાદનનો ઉપયોગ કરે છે. ૩૭ ટકા બાળકો ૧૦ વર્ષની વય પહેલાથી ધૂમ્રપાન કરે છે અને દરરોજ ૫૫૦૦ બાળકો ધૂમ્રપાન કરવા વધે છે.

તમાકુ ઉત્પાદનોના વપરાશથી ૧૦૦ પ્રકારના કેન્સરના રોગો માનવીઓને થાય છે. દર્દીઓની સારવાર અને સંભાળ માટે સરકારે મોટા પ્રમાણમાં કેન્સર હોસ્પિટલો અને જરૂરી સ્ટાફ તૈયાર રાખવો પડે છે. આ કાર્યવાહીમાં સરકાર નાણાકીય ખર્ચ કરે છે જેથી દેશનો વિકાસ દર નીચે જાય છે અને મોંઘવારીનો રાક્ષસ આમ જનતાને કરડી ખાય છે. આ બધી જ સમસ્યાઓનો ઉપચાર ભારતને તમાકુ મુક્ત બનાવવામાં છે. સેમિનારમાં રામજીભાઈ માવાણી, વિરજીભાઈ પીપળિયા, પૂર્વીબેન દવે, દીપાબેન કોરાટ, હાર્દિકભાઈ [illegible], અશોકભાઈ કોયાણી, જી.એન. ગગલાણી, અતુલભાઈ જોશી, દીપકભાઈ [illegible] વિગેરે મંતવ્યો આપેલ હતા.

R.N.I. REG NO. 38382/79
(RNP રજી. નં. RAJKOT/151/2021-2023)
Valid upto 31-12-2023 (Posting Office: RMS Rajkot)

શહેર

પાના : ૨૦
કિંમત રૂા.૪-૦૦

સવારે ચા, સાંજે

# અકિલા

AKILA RAJKOT
સાંજનું દૈનિક

૩૪ ■ વર્ષ: ૪૪ ■ અંક: ૨૮૮ ■ 28 July 2021 ■ બુધવાર ■ અષાઢ વદ-૫ ■



## સીગારેટના રવાડે ચડાવી દેશના યુવાધનને પાયમાલ કરવામાં વિદેશી કંપનીઓનો હાથ : હેમંત ઉપાધ્યાય

સરકારના 'તમાકુ મુકત ભારત' અભિયાનને વેગ આપવા રાજકોટમાં ગ્રાહક સુરક્ષા મંડળના સહયોગથી યોજાયો સેમીનાર

રાજકોટ કલેકટર કચેરીમાં ફરજ ૫૨

આજકાલ

## શાળાઓની આસપાસ તમાકુ વેચનારાઓ માટે લાયસન્સ ફરજિયાત કરો

શૈક્ષણિક સંસ્થાઓ પાસે તમાકુ ઉત્પાદનોનું બેફામ વેચાણ: રાજકોટમાં યોજાયેલા મોટા તમાકુના નાના લક્ષ્યો વિષય ઉપર વર્કશોપ: પત્રકાર પરિષદ યોજાઈ



# 'તમાકુ મુકત ભારત' રાજ્યકક્ષાનો સેમિનાર

રાજકોટ,તા.૨૨ : દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ભારતને તમાકુ મુક્ત બનાવવાના સ્વપનને સાકાર કરવા દેશભરમાં લોક જાગૃતિ માટે સેમીનારોનું આયોજન કરવા અપીલ કરેલ છે. જેના અનુસંધાનમાં આગામી તા.૨૪ના સવારના ૧૦ કલાકે રાજકોટ મુકામે રાજ્યકક્ષાના સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે. આ સેમિનારનું ઉદઘાટન રાજકોટનાં યુવા મેયર પ્રદીપભાઈ ડવના વરદ હસ્તે થનાર છે. સેમિનારનું પ્રમુખ સ્થાન ન્યાયમૂર્તિ એન.એમ.ધારાણી સંભાળશે. વિષય નિષ્ણાંતો ડો.વી.કે.ગુપ્તા (કેન્સર હોસ્પિટલ, રાજકોટ), ડો.પંકજભાઈ રાઠોડ, ડો.નિલેશભાઈ શાહ, શિક્ષણશાસ્ત્રી ગીજુભાઈ ભરાડ, માર્ગદર્શન આપનાર છે. તેમજ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, અરવિંદભાઈ રૈયાણી, ભુપતભાઈ બોદર, વી.પી.વૈશ્નણવ સહિતના ઉપસ્થિત રહેશે.

Phulchhab Main Edition
23 July, 2021 Page No. 15
Powered by :eReleGo.com

## યુવાધનને કેન્સરથી બચાવવા અપીલ કરાઈ

# તમાકુ મુકત ભારત મીશન અંતર્ગત શનિવારે રાજકોટમાં રાજ્યકક્ષાનો સેમિનાર

## દિલ્હીથી તજજ્ઞ ઉપસ્થિત રહી માર્ગદર્શન અપાશે

રાજકોટ તા,૨૩

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ભારતને તમાકુ મુક્ત બનાવવાના સ્વપનને સાકાર કરવા દેશભરમાં લોક જાગૃતિ માટે સેમીનારોનું આયોજન કરવા અપીલ કરેલ છે. જેના અનુસંધાનમાં આગામી તા.૨૪/૦૭/૨૧ના સવારના ૧૦:૦૦ કલાકે રાજકોટમાં રાજ્યકક્ષાના સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે. આ સેમીનારનું ઉદઘાટન રાજકોટના યુવા મેયર પ્રદિપભાઈ ડવના હસ્તે થનાર છે. સેમીનારનું પ્રમુખસ્થાન ન્યાયમૂર્તિશ્રી એન.એમ.ધારાણી સંભાળશે. વિષય નિષ્ણાંતો ડો. વી. કે. ગુપ્તા (કેન્સર હોસ્પીટલ, રાજકોટ), ડો.પંકજભાઈ રાઠોડ (આરોગ્ય અધિકારી, મહાનગરપાલીકા, રાજકોટ), ડો.નિલેશભાઈ શાહ જીલ્લા આરોગ્ય અધિકારી, જી.પંચાયત), શિક્ષણશાસ્ત્રી ગીજુભાઈ ભરાડ, મહેશભાઈ મહેતા (મહાજન અગ્રણી) માર્ગદર્શન આપનાર છે.

ગોવિંદભાઈ પટેલ (ધારાસભ્ય), અરવિંદભાઈ રૈયાણી (ધારાસભ્ય), પતભાઈ બોદર (પ્રમુખ,જીલ્લા પંચાયત,રાજકોટ), વી. પી. વૈષ્ણવ (પ્રમુખ, ચેમ્બર ઓફ કોમર્સ), ડી.કે.સખીયા (ચેરમેન,માર્કેટીંગ યાર્ડ, રાજકોટ), રાજકોટની માતબર ગણિક સંસ્થાઓ, અગ્રણી ડોકટરો, સમાજ સેવી સંસ્થાઓના પ્રતિનિધીઓ તેમજ ધીજીવીઓ સેમીનારમાં ઉપસ્થીત રહી કેન્દ્ર સરકારને રજુ કરવાના સુચનોનો મુસદો તૈયાર કરી વડાપ્રધાની નરેન્દ્રભાઈ મોદીને મોકલશે.



તા.૨૯/૦૭/૨૦૨૧ શ્રી નૂતન સૌરાષ્ટ્ર, રાજકોટ, પાના નં.૪

"તમાકુ મુક્ત ભારત" અભિયાન સંદર્ભે રાજકોટમાં રાજ્યકક્ષાનો સેમિનાર

'બંધાણે' બાંધી દીધા... ગુજરાતમાં તમાકુનો વપરાશ ૩૭ ટકા, પુખ્તવયના પણ ૨૫.૧ ટકા 'વ્યસન'ની સાંકળમાં !

ભારતમાં ૧૦માંથી ૧ વ્યક્તિના મોત પાછળ તમાકુ ઉત્પાદન જવાબદાર : વ્યસન પછી કેમ 'વિકાસ' ઘટે...

Gujarat Mirror

https://gujaratmirror.in/e-paper/?date=23-07-2021&edition=general&filter=

Akila News

https://www.akilanews.com/Epaper/Detail/28-07-2021/1/105367

Nutan Saurshtra

https://www.nutansaurashtra.com/epaper/view/nutan_saurashtra/113

Aaj kaal daily

https://epaper.aajkaaldaily.com/epaper.php?edition=Rajkot&date=2021-07-28&pageno=6#Article/AAJKAAL_RAJ_20210728_6_10/288px

Pulchaab
http://epaper.phulchhab.com/viewpage.php?edition=Phulchhab%20Main&date=2021-07-23&edid=PHULCHHAB_PHU&pn=15

Aajkaal

https://epaper.aajkaaldaily.com/epaper.php?edition=Rajkot&date=2021-07-24&pageno=9#

Aaaj kaal Electronic coverage

https://www.youtube.com/watch?v=R_ZbENDh_pE

પોઝિટીવ ન્યુઝ, ઈન્ફોર્મેટિવ ન્યુઝ
અબતક
સાંધ્ય દૈનિક

# ભારતને 'તમાકુ મુક્ત' બનાવવાના મિશનને સાકાર કરવા અમદાવાદમાં રાજયકક્ષાનો સેમિનાર સંપન્ન

અબતક, રાજકોટ



અબતક

# 'તમાકુ મુક્ત ભારત' મિશનને સફળ બનાવવા અમદાવાદ ખાતે શનિવારે રાજ્યકક્ષાનો સેમીનાર

## ન્યાયમૂર્તિ, મંત્રી, મેયર, સાંસદ વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ અગ્રણીઓ વગેરે રહેશે ઉપસ્થિત

અબતક-રાજકોટ

9:16 pm

ABP News

https://www.youtube.com/watch?v=U7fwXg7pTiU

Aajkaal

https://epaper.aajkaaldaily.com/epaper.php?edition=Rajkot&date=2021-07-24&pageno=9#

Mantavya News

https://www.youtube.com/watch?v=U7fwXg7pTiU